પૂર્વછાયો- એટલી લીળા ત્યાં કરી, પછી પધાર્યા પાંચાળ ।
અનંત જીવ ઉધ્ધારવા, ફરે દેશોદેશ દયાળ ।।૧।।
ચોપાઇ- પછી ત્યાંથી ચાલ્યા સુખકારી, આવ્યા માણાવદર મુરારી ।
રહી રાત્ય ને કર્યા ભોજન, પછી ત્યાંથી પધાર્યા જીવન ।।૨।।

કરી ગામ ગણોદે વિશ્રામ, આવ્યા જાળિયે સુંદર શ્યામ ।
તિયાં જમિયા સંતે સહિત, જને જમાડિયા કરી પ્રીત ॥૩॥
પછી ત્યાંથી ચાલ્યા અવિનાશી, શોભે સુંદર રાત્ય ઉજાશી ।
કર્યો વાટમાં કાંઈક ઢાળ, આવ્યા દૂધિવદર દયાળ ॥૪॥
સુંદર શીરાની કરી રસોઈ, જમ્યા જન સંઘે હતા સોઈ ।
પછી સુંદર સાંઝની વેળે, ચાલ્યા નાથ સંઘ લઈ ભેળે ॥૫॥
ચાલતાં વીતિયા ચારે જામ, આવ્યા બંધિયે સુંદરશ્યામ ।
રહ્યા રજની આનંદે અતિ, આવ્યા પીપળિયે પ્રાણપતિ ॥૬॥
હરિભક્તે જમાડ્યા ત્યાં હેતે, સર્વે મુનિને સંઘ સમેતે ।
ત્યાંથી ચાલિયા સુંદર શ્યામ, કર્યો રાયપુરે વિશરામ ॥૭॥
ત્યાંથી આવિયા ગામ વાંકિયે, એમ ગામો ગામ દર્શન દિયે ।
ત્યાંથી આવિયા ગઢડામાંય, દિન ત્રણ રહ્યા પોતે ત્યાંય ॥૮॥
પછી ત્યાંથી ચાલિયા દયાળ, આવ્યા કારિયાણીયે કૃપાળ ।
પછી નાથે કહી એમ વાત, સંતો તમે જાઓ ગુજરાત ॥૯॥
સારી મૂરતિઓ સુખદાઈ, પધરાવશું વરતાલમાંઈ ।
તેને અર્થે કરાવો મંદિર, સારું સરસ સહુથી સુંદર ॥૧૦॥
તેની રીત્ય સમજાવી કઈ, જાઓ આદરો ત્યાં તમે જઈ ।
આપી આગન્યા સંત સધાવ્યા, પોતે ગામ ગઢડામાં આવ્યા ॥૧૧॥
ત્યાંથી પધાર્યા કચ્છ ભુજ ભણી, કરવા પ્રતિષ્ઠા નરવીરતણી ।
દિધાં સહુ દાસને દરશન, પ્રભુ જન પર છે પ્રસન્ન ॥૧૨॥
પછી ભાવેશું ભુજનગર, બેસારિયા નારાયણ નર ।
આવી મુહૂર્તમાં મન ગમી, વૈશાખસુદી કહીએ પંચમી ॥૧૩॥
તેદિ નરનારાયણ રાય, બેસાર્યા ભુજનગરમાંય ।
એમ કરી બહુ શુભ કામ, પછી પધાર્યા ગઢડે ગામ ॥૧૪॥
અતિ દયાળુ દયા અપાર, અતિ કૃપાળુ કૃપાભંડાર ।
કરે આચરણ જેજે મહારાજ, તેતો સહુ જીવને સુખકાજ ॥૧૫॥
કરે ચરિત્ર નવલાં નિત્ય, જન રાખે ચિંતવિને ચિત્ત ।

દાસ ઉપર છે દયા અતિ, સુખસાગર શ્યામ મૂરતિ ॥૧૬॥
દિયે દાસને દર્શન દાન, જન જુવે ભાવે ભગવાન ।
કરે વાત નિત્ય પ્રત્યે નવી, સુણી આશ્ચર્ય થાય અનુભવી ॥૧૭॥
લિયે સુખ અલૌકિક સહુ, એવી વાતો કરે વાલો બહુ ।
એમ આનંદમાં દિન જાય, જન ગુણ ગોવિંદના ગાય ॥૧૮॥
જાય જુગ તે પળ સમાન, નિત્યે ભેળા રહેતાં ભગવાન ।
એમ કરતાં આવી અષ્ટમી, કૃષ્ણજન્મતિથિ મનગમી ॥૧૯॥
મોટા ઉત્સવનો એહ દિન, તેડ્યા સમૈયા પર મુનિજન ।
આવ્યા સંત સહુનાં મંડળ, મોટા મુક્ત જે અતિઅમળ ॥૨૦॥
આવી લાગ્યા પ્રભુજીને પાય, સ્પર્શિ પદ ને મોદ ન માય ।
વાલે અતિ વાલ્યપે બોલાવ્યા, સંતો સમૈયાપર ભલે આવ્યા ॥૨૧॥
સંતો સર્વે આવ્યા તમે મળી, રખે રહી જાય કોઈ મંડળી ।
સંત કહે આવ્યો સહુ સાથ, દેશ પ્રદેશ હશે કોઈ નાથ ॥૨૨॥
કહે નાથ તે આવશે સોઈ, એમ કહી કરાવી રસોઈ ।
થઈ ચાલતી રૂડી રસોઈ, જમે જન મગન મન હોઈ ॥૨૩॥
એમ કરતાં વિત્યા દિન ચાર, આવી અષ્ટમી શુભ તે વાર ।
રહ્યા વ્રત મુનિ સહુમળી, સાંખ્યયોગી બાઈઓની મંડળી ॥૨૪॥
ચાલ્યા નાવા નાથ સાથે લઈ, નાહ્યા નિર્મળ જળમાં જઈ ।
નાઈ નિસરિને બોલ્યા નાથ, તમે સાંભળજ્યો સહુ સાથ ॥૨૫॥
હરિ મંદિર સારુ હમેશ, લેવો એકુકો પથ્થરો શીશ ।
આજ અમે પણ એક લેશું, વાસુદેવની ભક્તિ કરીશું ॥૨૬॥
પછી સોનેરી પાઘને માથે, લિધો છે એક પથરો નાથે ।
એમ નાઈ આવ્યા નાથ ઘેર, આવ્યો ભક્ત ભાવિક એ વેર ॥૨૭॥
જાતિ વૈશ્ય વેણીભાઈ નામ, લાવ્યા પૂજા પૂજવાને શ્યામ ।
કાજુ કનક કડાંની જોડ, અર્પિ નાથ હાથે પુર્યા કોડ ॥૨૮॥
પછી મુનિ મળી રચ્યો રાસ, રમ્યા સંતસંગે અવિનાશ ।
એમ કર્યો ઉત્સવ આનંદે, લીધું સુખ મળી મુનિવૃંદે ॥૨૯॥

વળતો આવ્યો નવમીનો દન, જને કર્યાં સુંદર ભોજન ।
મુનિકાજે મોદક મોતૈયા, કર્યા કાજુ જાય નહિ કહ્યા ॥૩૦॥
પોતે પીરસે પ્રભુજી હાથે, અતિ હેતે નિજજન માથે ।
લઈ મોદક મનવાર્યું કરે, કડી વડી ફુલવડી ફરે ॥૩૧॥
કઢ્યાં દૂધ સાકર ઉજળી, ફરે ઉપર ભાતમાં વળી ।
એમ જુક્તે જમાડિયા દાસ, પછી એમ બોલ્યા અવિનાશ ॥૩૨॥
સુણો સંત સહુ જનવૃંદ, રહો ચોમાસું કરો આનંદ ।
ક્યાંયે માગવા ન જાવું અન્ન, કરવું દરબારમાંથી ભોજન ॥૩૩॥
એવી સુણી વાલ્યમની વાત, સર્વે સંત થયા રળિયાત ।
નિત્ય દયાળુ દર્શન દીયે, નિર્ખિ નાથ જન સુખ લિયે ॥૩૪॥
તિયાં વરષે ગર્જનાયે ઘન, બોલે મોર બપૈયા મગન ।
બોલે દાદુર અતિ આનંદે, જાણું ધુન્ય માંડી મુનિવૃંદે ॥૩૫॥
ઝળકે વિજળી વારમવાર, વરષે મેઘ વળી એકધાર ।
નદીએ આવ્યાં નવલાં જળ, અતિ સુંદર સારાં અમળ ॥૩૬॥
નિત્યે નાવા જાયે ત્યાં નાથ, સર્વે સંગ લઈ મુનિસાથ ।
નાહી પાછા વળે જન જ્યારે, લિયે એકએક શિલા ત્યારે ॥૩૭॥
તેણે કરી શોભે જન ઘણું, જાણું સૈન્ય ચાલ્યું રામતણું ।
તેને દેખી દાઝે દુષ્ટ છાતિ, જે કોઈ હોય રાવણની જાતિ ॥૩૮॥
દૈત્ય દૈત્યતણો ધર્મ પાળે, સાધુ સાધુનો ધર્મ સંભાળે ।
સંત સદા સુખી દલમાંઈ, એવી વાત ગણે નહિ કાંઈ ॥૩૯॥
સુણે વાલ્યમ મુખની વાત, સંશય શોક ન રહે જાત ।
નિત્ય વાત નવિનવિ થાય, સુણી આનંદમાં દિન જાય ॥૪૦॥
એમ કરતાં સુખ વિલાસ, વહિ ગયો છે ચાતુરમાસ ।
આવ્યા દશરા દિવાળીના દન, કરવો ઉત્સવ કહે ભગવન ॥૪૧॥
અન્નકોટનો ઉત્સવ કહું, આવ્યા સતસંગી તિયાં સહુ ।
હતો સમીપે સંત સમાજ, રચી દીપમાળા મુનિરાજ ॥૪૨॥
બળે દિવા હજારે હજાર, થિયો પ્રકાશ ગયું અંધાર ।

બેઠા અલબેલો તિયાં આવી, મનોહર મૂર્તિ મનભાવી ॥૪૩॥
શોભે વસ્ત્ર આભૂષણ અતિ, જન મન હરણ મૂરતિ ।
હસિ હસિ જુવે જન સામું, પુરે જનના મનની હામું ॥૪૪॥
પરમ આનંદમાં દન પળતા, આવ્યો અન્નકોટ દન વળતા ।
પુર્યો અન્નકોટ અતિ અન્ને, લેહ્ય ચોશ્ય ભક્ષ્ય ભોજને ॥૪૫॥
કહેતાં પાર ન આવે પાકનો, તાજી ભાજી સીમા નહિ શાકનો ।
હેતે જમ્યા પોતે જન હાથ, પછી જમાડ્યા મુનિસાથ ॥૪૬॥
કસી કમર ઉઠીયા હરિ, મોટી પંગતિ મુનિની કરી ।
લીધા મોતૈયા લાડવા લાલે, માગે એક તિયાં ત્રણ આલે ॥૪૭॥
સાટા પેંડા જલેબી ને ખાજાં, દળ મગદળ મેશુબ ઝાઝાં ।
સેવ સુંવાળી લાપશી શિરો, ફરે કંસાર સાકર કેરો ॥૪૮॥
બહુ હવેજે ભજીયાં બણ્યાં, કળિ ગાંઠિયા ફુલવડી ચણ્યા ।
સુંદર શાક પિરશ્યાં પંગત્યે, એમ જમાડ્યા જન જુગત્યે ॥૪૯॥
પછી નાથ કહે સુણો વાત, હવે જાયે સહુ ગુજરાત ।
આવી પ્રબોધની દિન થોડે, ચાલો સહુ જાઈએ મળી જોડે ॥૫૦॥
લક્ષ્મીજી ને નારાયણ આપ, થાશે વરતાલે તેહનો સ્થાપ ।
કરી એટલી આગન્યા વાલે, થઈ મગન માની મરાલે ॥૫૧॥
રાખ્યા સંત પાસે સુખ દઈને, શ્રાવણવદિ ચતુરથી લઈને ।
ત્યાંથી રાખી મુનિની મંડળી, કાર્તિકશુદિ બીજલગે વળી ॥૫૨॥
કર્યો ઉત્સવ એટલા દન, જમ્યા મુનિ ભાવતાં ભોજન ।
ધન્ય જયા લલિતા બે જન, જેણે પ્રભુને કર્યા પ્રસન્ન ॥૫૩॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે ભુજવૈશાખશુદિ પંચમીને દિવસ નરનારાયણ પધરાવ્યા ને ગઢડે અન્નકોટનો ઉત્સવ કર્યો એ નામે નેવ્યાશિમું પ્રકરણમ્ ॥૮૯॥